Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

# 'ગોરા' નવલકથાનું ભારતીય સાહિત્યના સંદર્ભે મૂલ્યાંકન

પ્રજાપતિ નિકિતાબેન ગૌતમલાલ
PH.D. રિસર્ચ સ્કોલર
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

---

ભારત આપણો દેશ તેમાંય ભારતીય સાહિત્યની વિભાવનાની વાત આવે ત્યારે આપણે ઊંડાણથી વિચારવું પડે. ભારત દેશના પ્રત્યેક નાગરિકને ભારતની સંસ્કૃતિનું ગૌરવ હોવું સ્વાભાવિક છે,ભારત આપણો દેશ છે એ સંદર્ભે 'ભારતીયતા'સુધી જવા માટે આપણે'રાષ્ટ્રીયતા'ના માર્ગે જવું પડે 'રાષ્ટ્રીયતા' શબ્દના અંગ રૂપ 'રાષ્ટ્ર'શબ્દનો મૂળ 'રાજ'શબ્દમાં છે 'રાષ્ટ્ર' શબ્દને પ્રત્યયો લાગવાથી તે 'રાષ્ટ્રીય' અને તેમાંથી 'રાષ્ટ્રીયતા' બને છે.

'રાષ્ટ્ર' એક આત્મા છે,આધ્યામિક સિદ્ધાંત છે એ સંદર્ભ સાથે જોડીએ તો 'ભારતીયતા' એક સૂક્ષ્મ સિદ્ધાંત છે. દરેક દેશની પોતાની આગવી ઓળખ હોય,આગવી સંસ્કૃતિ હોય તેમ ભારત દેશની પ્રજા પાસે હજાર વર્ષોની સાંસ્કૃતિક મૂડી છે. આ એક એવો દેશ છે જ્યાં વિવિધતા વચ્ચે એકતા અને માનવતાની સમજૂતી બની રહે છે.

ભારત એટલે શું ?... કોઈ ભૌગોલિક નક્શો ? રાજા મહારાજાઓના પતનની વંશાવળી ? રાજકીય પક્ષોના ચૂંટણી ઢંઢેરાઓ રાજકારણીઓએ દાટી દીધેલો ઇતિહાસ ?પ્રધાનોને રાજકારણીઓએ દાટી દીધેલો ઇતિહાસ ? પોતાની જાતને ભગવાન કે સ્વામી માનતા લેભાગુઓ? છે? ના..... આ ભારતની સાચી ઓળખ નથી.ભારત જ એક એવો દેશ છે જે અઢારેય વરણને સમાવે છે.દુનિયાના બારેબાર ધર્મો, વિવિધ પંથો, વિવિધ મતો, વિવિધ માર્ગો, વિવિધ સંપ્રદાયો ધરાવતી પ્રજા માત્ર ભારતમાં જ છે.ભારતએ તો તંત્ર-મંત્ર, યોગ-ભોગ, ધર્મ-કર્મ વગેરેનું સંગમ તીર્થ છે. અનેકતામાં એક્તા, ભેદમાં અભેદ, વિવાદમાં સંવાદ, પિંડમાં બ્રહમાંડને શોધતી એક લાક્ષણિકતા છે.

આ દેશમાં રહેતા દરેક નાગરિકની ઓળખ 'ભારતીય'છે કે પોતે જ 'ભારતીય' છે. ભારતમાં રહેતો મનુષ્ય એના વર્તન વ્યવહાર સંસ્કૃતિમાં ભારતીયતાના દર્શન કરાવે છે. અહીં રહેતો દરેક વ્યક્તિ ભારતીય છે. મનુષ્યની અંદરથી જે સંવેદનાઓ સમસ્યાઓ લાગણી સાહિત્યમાં સમાય તે સાહિત્ય 'ભારતીય સાહિત્ય' કહેવાય ભારતીય સંસ્કૃતિ અતિ પ્રાચીન છે ,વિશ્વભરમાં પ્રાચીન અને પવિત્ર તરીકે વેદને માનવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિની પ્રાચીનતાનો ખ્યાલ 'ભારતીય સાહિત્ય' દેશની છબી ઝીલે છે. ભારતીય ભાષામાં સર્જાયેલા સાહિત્યને આધારે તેની સૂત્રતા જળવાય છે. ભારતીય સાહિત્યના સર્જનમાં અનેક સર્જકોએ યોગદાન આપ્યું છે એવા જ એક યુગપુરુષ રવિન્દ્રનાથ ટાગોરે ભારતીય સાહિત્યની ઉત્તમ નવલકથા 'ગોરા' આપી છે. આ નવલકથા સંક્રાતિ કાળના સમયની શ્રેષ્ઠ નવલકથા ગણાય છે.

ઈ.સ.૧૯૧૦ના પ્રકાશિત થયેલી 'ગોરા' બંગાળી ભાષાના જાણીતા માસિક 'પ્રવાસી'માં ૧૯૦૬ થી ૧૯૦૯ દરમિયાન હપ્તાવાર પ્રગટ થઈ હતી.

બાબુકૃષ્ણદયાલ અને આનંદમયીના પુત્ર તરીકે ઓળખાતો નવલકથાનો નાયક ગૌરમોહન દેશને ઉત્કટ રીતે પ્રેમ કરે છે,તે પોતાને પરંપરાગત હિન્દુ સમાજનો દ્રઢપ્રતિનિધિ માને છે. ગોરા પોતે જન્મથી હિન્દુ નથી-તે આઇરિશ દંપતિનું સંતાન છે.  તેના માતા-પિતાનું મૃત્યુ યુદ્ધ દરમિયાન થયું હતું ત્યારે એક હિન્દુ દંપત્તિએ તેને દત્તક લઈને તેનુ લાલન-પાલન કર્યું.

વિનયગોરાનો બાળપણનો મિત્ર છેતે ઉપરાંત બ્રહ્મોસમાજના પરેશબાબુ કૃષ્ણદયાલના બાળપણના મિત્રો હતા. વિનય પરેશબાબુની પુત્રીની સાથે થયેલ પ્રેમની ચર્ચા ગોરા આગળ વ્યક્ત કરે છે. ગોરાની દ્રષ્ટિએ પ્રેમ આદી કાયમને માટે તુચ્છ રહે છે,તે વિનયની લાગણી પ્રત્યે આક્રોશ પ્રગટ કરે છે ત્યારે ગોરા વિનયની પ્રેમની વાતને સ્થૂળ ગણાવી હિન્દુ સમાજ પ્રત્યેની પ્રીતિ વિશે જણાવે છે અંતે તે વિનયની વાત ઉગ્ર ચર્ચા પછી સહેજે સ્વીકાર કરે છે.વિનય હિંદુ સમાજના અનુશાસન હેઠળ જીવનારો છે જ્યારે લલિતા બ્રહ્મ સમાજની પુત્રી છે વચ્ચેનો વિરોધ અતીતીવ્ર છે. લલીતા પોતાની પ્રબળ ઈચ્છા શક્તિના બળથી વિનયની પામે છે અને તે વિનયની અંદર પ્રેમ પૂર્વકના મૈત્રી સંબંધો કેળવે છે.

ગોરાના વિવાહની વાત આવતા તે કહે છે.- 'મેં મારી માતાને જ્યારથી દેખી છે જાણી છે' ત્યારથી મને સંસારની બધી સ્ત્રીઓ માતાના રૂપમાં જોવા મળે છે.અહીં ભારતીય સંસ્કૃતિમાં માતા અંગેનો ખ્યાલ ઉમદા રીતે વર્ણવ્યો છે.ગોરા આનંદમયીથી માંડીને ભારતમાતા સુધી તેનો વિચાર પ્રગટ કરે છે.

ગોરા જમીનના પાકની ટકરારમાં પોલીસને હાથે પકડાય છે તેને એક મહિનાની સજા થાય છે.ગરીબ મજૂરો અને ખેડૂતો પર અંગ્રેજોના અત્યાચાર જોઈ જેલની સજા ભોગવ્યા પછી ગોરાને દેશની પરાધીનતા ખૂંચે છે જેલમાં આપવામાં આવતા બ્રહ્મ ભોજનને બદલે કેદીઓના ભોજન ખાવાનો આગ્રહ રાખે છે. ગોરા હિન્દુતત્વની આદર્શ મૂર્તિ ખડી કરે છે.

ગોરાને તેના જન્મનું રહસ્ય આનંદમયી વ્યથાપૂર્વક જણાવે છે. ત્યારે સત્યના ખુલાસા સાથે ગોરાની માનસિક ઉથલપાથલ શરૂ થાય છે. જે વ્યક્તિ આખું જીવન જાતી અને ધર્મના આધાર પર ઓળખ ઉભી કરે તે પોતે જ ઓળખથી વંચિત હોવાનું જાણે છે. આ સંઘર્ષ નવલકથાનું કેન્દ્ર બને છે.જન્મરહસ્યની બાબતને લઈને ગોરાને વર્ગ ભ્રષ્ટ કરવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો છે. પરંતુ ગોરા નિષ્ઠાથી પોતાના કુળધર્મને પાડે છે અને તે પોતાના ધર્મથી સમાજથી અલગ કરવામાં આવ્યો હોય તો પણ ગોરાની ભારતીય એ હતી કે સમગ્ર ભારત વર્ષને એને કુરિવાજ અને અંધશ્રદ્ધા માંથી મુક્ત કરવા માંગે છે. અન્યના પુત્રને પોતાના દીકરાની જેમ રાખે એમાં ભારતીય માતૃવાત્સલ્યની ભાવના જોવા મળે છે.આનંદમયી પાત્રમાં 'ભારતીયતા' છતી થાય છે.ભારત વર્ષની બધી જાતિઓ મારી જાતિઓ છે. એવા સાર્વભૌમત્વ અને બંધુત્વની વિશાળ ભાવના ગોરાના હૃદયમાં જાગે છે.

પાનબાબુ અને વરદાસુંદરીના પાત્રોમાં બ્રહ્મ સમાજના રૂઢિવાદી વલણના સંસ્કારોના પડઘા રજુ કર્યા છે. તેવી જ રીતે વિનય સૂચરિતા લલિતાના પાત્રોમાં આત્મીયતા અને ભારતીય સમાજ જીવન જોવા મળે છે.ગોરામાં હિન્દુ સમાજ અને બ્રહ્મા સમાજ બંનેનું નિરૂપણ થયેલું છે.બંને સમાજના પ્રતિનિધિરૂપ મહીમ અને હરિમોહિનીને લેખકે આલેખ્યા છે.હરીમોહિનીનું પાત્ર એટલું સહેલાઈથી સમજાય એવું નથી એ પાત્ર દ્વારા હિન્દુ સમાજમાં વિધવા સ્ત્રીની આલેખન રવિન્દ્રનાથ ટાગોરે વર્ણવ્યું છે.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

'ગોરા'નવલકથાના અંતે ભારતીયતાના સંદર્ભે જોતા ઉમાશંકર જોશી કહે છે તેમ : 'આ નવલકથામાં ટાગોરે જે પ્રશ્ન ઉપસ્થિત કર્યા છે તે આ છે : ભારતે હવે ગોરાને- એક બહારની વ્યક્તિને આપવા જેવું કંઈ જ છે નહી ?અને એમણે આનંદમયી અને પરેશબાબુના પાત્રો દ્વારા ઉત્તર પણ પૂરો પાડ્યો છે. તેઓ બંને ક્યારનાએ પોતપોતાના વર્તુળ બહાર નીકળી ગયા હતા. પરેશબાબુ હિન્દુમાંથી ખસી બ્રહ્મ સમાજમાં ગયેલા તેમાંથી પણ હવે બહાર નીકળી ગયા જેવા હતા અને ગોરા તો નાછૂટકે બહારનો બન્યો હતો. જ્યારે એ સ્વેચ્છાથી બહાર જઈને બેઠા હતા.."

નવલકથાના અંત ભાગમાં ગોરાને ભારતીય સાંપ્રદાયિક નિરપેક્ષ દૃષ્ટિબિંદુ અપનાવતો બતાવીને માનવ સમાજનો મહિમા બતાવ્યો છે. ગોરામાં માનવતા વાદ જાગી ઉઠે છે અને તેનું નવું  જીવન શરૂ થાય છે. નવું કાર્યક્ષેત્ર ગોરાના જ શબ્દોમાં કહીએ તો "કલ્પનાનુ ક્ષેત્ર નથી પણ ભારત વર્ષના પચીસ કરોડ માણસોનુંએ યથાર્થ કલ્યાણ ક્ષેત્ર છે."ગોરા જેને આદર્શ ગણતો હતો હવે તે માત્ર ભ્રામકતા છે તેની ભારતીય જીવન મૂલ્યોની વાસ્તવિકતાનો પરિચય પણ મળી આવે છે તે સ્પષ્ટ કહે છે ઓળખ જન્મથી નહીં પરંતુ માનવ મૂલ્યો અને જીવંત દ્રષ્ટિથી ઘડાય છે'

આ નવલકથામાં સ્ત્રી પાત્રો ગૌણનથી પરંતુ વિચાર પ્રધાન છે. ભારતીય સંસ્કૃતિના સંકોચિત રાષ્ટ્રવાદ અને ધાર્મિક અંધતાને પ્રશ્ન કરી માનવતાવાદી સ્વરૂપ ઉજાગર કરે છે સમગ્ર માનવોના કલ્યાણની ઈચ્છા ધરાવતા ગોરાના આ બૃહદ વિચારોમાં ભારતીયતા અત્યંતમહત્વપૂર્ણ બને છે.

આમ,'ગોરા' નવલકથા ભારતીય સમાજના આત્મમંથનની કૃતિ છે. તે માનવીય મૂલ્યોને અને ભારતીય સાહિત્યમાં માનવવાદી બની રહે છે.

ભારતીય સાહિત્યમાં  રવીન્દ્રનાથ ટાગોરની  નવલકથા 'ગોરા' વિચારનવલકથા તરીકે સાહિત્યના ક્ષેત્રે વિશ્વમાં પોતાની પ્રતિભા ઉજાગર કરી છે. 'ગોરા' નવલકથા બંગાળી સાહિત્યને જ નહીં પરંતુ સમગ્ર ભારતીય સાહિત્યની ઉચ્ચકોટિની નવલકથા છે.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

**<u>સંદર્ભ :-</u>**

- ભારતીય નવલકથા -સં બિપિન આશર
- ભારતીય નવલકથા - રમણલાલ જોશી
- ભારતીય સાહિત્ય પરંપરાનો વિસ્તાર - ભોળાભાઈ પટેલ
- સંક્રાતિ કાળના ભારતની કથા 'ગોરા'- દીપક મહેતા ઓપિનિયન લેખ
- ગોરા એક રસાસ્વાદ - સાહિત્યસેતુ અંક મે-જૂન ૨૦૧૮
- ટાગોર ગ્રંથાવલિ ગોરા - રવીન્દ્રનાથ ટાગોર